Chapter-8



# પ્રકરણ - ૮

# નિબંધાધ્યાય

# ''પ્રાચીન તથા અર્વાચીન વાદકોનું અધ્યયન''

મધ્ય કાળથી શરૂ થઈને આધુનિક યુગ સુધી સંગીતમાં ઘણા પરિવર્તનો થયા અને આજે પણ આ પરિવર્તનોનો દોર ચાલુ છે. સંગીતના ત્રણ સ્તંભ ગાયન,વાદન તથા નૃત્ય આ ત્રણેમાં અહી તાલવાદ્ય(ચર્મવાદ્ય)ના વિષયમાં તેના વાદકોની ચર્ચા કરી રહયો છું. સંગીતમાં પરિવર્તનની સાથે ભારતીય તાલ વાદ્યોમાં પણ ક્રમશઃ પરિવર્તન થવા લાગ્યું. નવા નવા વાદ્યોનો ઉદ્દ્ભવ તથા પ્રાચીન વાદ્યોને નવીન રૂપ પ્રદાન થયું. આ નૈસર્ગિક સત્ય બાબત છે. આ પરિવર્તન વાદક દ્વારા થયું કારણ કે વાદકે એક જ વાદ્યને લાંબા સમય સુધી તેનું વાદન કર્યું અને આ વાદન દરમિયાન તેને થતા અનુભવો તથા વાદ્યનો સંપૂર્ણ અભ્યાસ અને વાદ્ય સાથેના તેના પરિવર્તનના વિચારોના પરીણામે જે તે વાદક દ્વારા જ પોતાના વાદ્યમાં પરિવર્તન થતું રહયું. તેના કારણે વાદ્યનો પ્રચાર વધવા લાગ્યો. તેવા વાદ્યો પણ આજે પ્રચારમાં છે કે જે આજે પોતાની મૂળ અવસ્થામાં નથી તે પરિવર્તિત વાદ્યો છે.

આજે આધુનિક યુગમાં સંગીતનો ખૂબ પ્રચાર થયો છે. ઠેર-ઠેર સંગીતની નાની સંસ્થાઓથી માંડી યુનિવર્સિટી કક્ષાએ સંગીત કોલેજોની સ્થાપના થઈ છે. આ સિવાય મોટા ઔદ્યોગિક સંકુલો (કંપનીઓ) દ્વારા પણ સંગીતના વિદ્યાર્થીઓને રીયાઝ તથા શીખવા માટે અનુદાન આપવામાં આવે છે. ત્યારે આજે સંગીતના ક્ષેત્રમાં સૌથી મહત્ત્વનું સ્થાન તાલ વાદ્યનું છે. અને તેમાંએ 'તબલા' વાદ્યનું સ્થાન સૌથી મોખરે છે. તબલા વાદ્યનું ચમત્કારીક વાદન તથા આધુનિક સંગીતની સાથે સુસંગતતા તથા પ્રાચીન થી લઈ આધુનિક યુગના તમામ વાદ્યોનો એક માત્ર વિકલ્પ એટલે 'તબલા' અર્થાત્ કે તમામ પ્રકારના ચર્મવાદ્યની વાદનશૈલી તબલા વાદ્ય પર સરળતાથી તથા સ્પષ્ટ છાપ સાથે વગાડી શકાય છે. બધા જ વાદ્યનું પ્રતિનિધિત્વ તબલા વાદ્ય કરી શકે છે. તેવા તબલા વાદ્યના વાદકોની ચર્ચા અહી કરી રહયો છું.

આજના વાદકોએ પણ તબલાને શ્રેષ્ઠ ચર્મવાદ્ય તરીકેનું સ્થાન અપાવ્યું છે. પરંતુ એક પ્રશ્ન અહી ઉપસ્થિત થાય છે કે આજની સંસ્થાઓ, કોલેજો તથા ગુરૂજનો સારા તબલા વાદક આ સંગીત જગતને શા માટે આપી શકતા નથી ? શા માટે ઘરાના સાથે સંકળાયેલા વાદકો જ સારા તબલા વાદકનું સ્થાન લઈને બેઠા છે. સંગીત સંસ્થા કોલેજોમાંથી સારા વાદકો કેમ બહાર આવતા નથી. આજે અત્યાધુનિક સગવડો હોવા છતાં સાથે દરેક પ્રકારની શિક્ષણ સુવિધા હોવા છતાં આંગળીઓના વેઢે ગણી શકાય તેટલા જ વાદકો કેમ છે ? રાષ્ટ્રીય કક્ષાના વાદકોની નામાવલી જોવામાં આવે તો તેમાંથી લગભગ વાદકો ઘરાના સાથે સંકળાયેલા જોવા મળશે અને તેથી જ આજે પ્રાચીન વાદકોના અધ્યયનની ખૂબ જરૂર છે. કારણકે સંગીતના આધુનિકરણની સાથે પ્રાચીન પરંપરા તથા તેના સિધ્ધાંતો, મુલ્યોનું મહત્ત્વ આજના શિક્ષકો,વિદ્યાર્થીઓ, વાદકોમાં જોવા મળતું નથી. આજે વિદ્યાર્થી ટૂંક સમયમાં ઘણું શીખવા માંગે છે અને પંડીત કે ઉસ્તાદ બનવા માંગે છે. ત્યારે ઉપરોક્ત વિષય અન્વયે પ્રાચીન તથા અર્વાચીન વાદકોની ચર્ચા જરૂરી છે.

- પ્રાચીન સમયમાં ગુરૂજનો તથા વાદકો માનતા હતા કે તબલા શિખવા માટે સારુ સ્વાસ્થ્ય હોવું જોઈએ કારણ કે તે સમયે અત્યારના જેવી અત્યંત આધુનિક માઈક્રોફોન સિસ્ટમ ન હતી. તે વખતે જાહેરમાં કાર્યક્રમ થતા હતા તથા એવી માન્યતા હતી કે સૌથી છેલ્લા સ્થાને બેઠેલા શ્રોતા સુધી વાદન સ્પષ્ટ સંભળાય તથા તે આનંદ લઈ શકે તેથી પ્રાચીન ગુરૂ શિષ્ય ના સ્વાસ્થ્યને પ્રથમ ધ્યાનમાં લેતા હતા.

જ્યારે આજે શિક્ષક પોતાના શિષ્ય માટે ઉપરોક્ત બાબતને ધ્યાનમાં લેતો નથી પરંતુ ધ્યાનમાં લે છે 'પૈસા'. શિષ્યના પિતાજી કેટલા ધનવાન છે. તે પ્રમાણે તેને શિક્ષા આપવી તેવું પ્રથમ દિવસથી જ નક્કી કરે છે. પરંતુ શિષ્યનું સ્વાસ્થ્ય, તેની શિખવાની લગન, ઉત્સાહને ધ્યાનમાં લેવામાં આવતો નથી. ફક્ત પૈસા એ જ પરમેશ્વર છે તેવું માનવાવાળા હજારો સંગીત શિક્ષકો આ જગતમાં છે. જેને કારણે ઠેર-ઠેર સંગીત ક્લાસનું બોર્ડ જોવા મળે છે. શિષ્યને થોડું આવડી જાય એટલે ગુરૂના

સ્થાન પર બિરાજી જાય છે. કારણ કે જ્યારે તે શિખવા ગયો ત્યારે તેના ગુરૂએ પૈસા જ જોયા. તેથી આ શિક્ષણ એ ગુરૂ-શિષ્ય પરંપરામાંથી શોખના વિષય તરીકે તથા વેપારી શિક્ષણ તરીકે ફેલાઈ રહયું છે.

છતા આજે એવા ગુરૂઓ તથા શિક્ષકો છે. જે સાચા વિદ્યાર્થીઓની શોધમાં ફરે છે. અને જ્યારે આવો વિદ્યાર્થી મળે કે તરત જ શિષ્યને તમામ પ્રકારની મદદ કરીને સાચા અર્થમાં તાલીમ આપી સારા વાદકોની હરોળમાં બેસાડવાનું કાર્ય કરે છે. આજે સતત વેપારીકરણ તરફ વહેતા શિક્ષણ તથા પૈસા બનાવવાની ચાલતી હરીફાઈઓમાં પણ આવા ગુરૂઓ આ ભારતમાં હાજરાહજુર છે. જેના કારણે આજે સંગીત પોતાની સૌંદર્યતાને જાળવી શક્યું છે. ખરેખર આવા ગુરૂઓ અને શિક્ષકો આજના અર્વાચીન યુગમાં ધન્યવાદને પાત્ર છે કે જેઓને પૈસાનો મોહ નથી.

● પ્રાચીન સમયના ગુરૂઓ વિદ્યાર્થીના વિદ્યાભ્યાસના પ્રારંભથી જ વિદ્યાર્થીને રીયાઝના સિધ્ધાંતો તથા નિયમિત રીયાઝનો બોધ આપતા. વિદ્યાર્થીઓની સાથે પોતે પણ રીયાઝ કરતા હતા. તેથી વિદ્યાર્થીઓને વાદનની સમજ તથા બોલોની સ્પષ્ટતાનો ખ્યાલ આવતો. ગુરૂ રીયાઝમાં બોલોની શુધ્ધતા પર વધારે ભાર મૂક્તા તથા તેના કારણો પણ સમજાવતા. એક બોલનો રીયાઝ લાંબા સમય સુધી કરવો તથા રીયાઝ દમદાર હોવો જોઈએ. તેવી માન્યતા હતી. દરેક બોલ સ્પષ્ટ તથા જોરદાર હોવો જોઈએ તેનું ધ્યાન રાખતા. સાથે શિષ્યોને કહેતા કે જીવતી ખાલમાંથી અવાજ ઉત્પન્ન કરવો સહેલો છે પરંતુ મરેલી ખાલ માંથી અવાજ ઉત્પન્ન કરવો મુશ્કેલ છે. તેથી પોતાની ખાલને મારવી પડશે તેવું પ્રાચીન ઉસ્તાદો માનતા.

આજની પરિસ્થિતિ સાવ અલગ છે. આજે ગુરૂ કે શિક્ષક ફક્ત બંદિશ આપે તેનો રીયાઝ કેમ કરવો તે ટૂંકમાં સમજાવી દે છે. કારણ કે સમયનો અભાવ છે. 'વધારે ક્માવાની વૃત્તિ માણસ પાસેથી સમય છીનવી લે છે.' તેથી માણસ હંમેશા કહે છે. સમય નથી. ગુરૂ કે શિક્ષક બોલ આપ્યા પછી બોલની ખૂબસુરતી તથા ટેકનીક્નો અભ્યાસ પણ આપતા નથી. ખરેખર તો આજના થોડાજ એવા ગુરૂઓ છે કે જે બંદિશોની સુંદરતાનો ખ્યાલ રાખી વગાડતા હોય તથા શીખવતા હોય.

આજના લગભગ ગુરૂ કે શિક્ષકને બંદિશનું રસશાસ્ત્ર, તેનો છંદ, ગતી વગેરે ખબર હોતી નથી. ફક્ત બંદિશ આવડતી હોય એટલે વિદ્વાન ન કહેવાય. આપણા વિદ્વાનોએ બનાવેલી તમામ બંદિશોનું પોતાનું એક અલગ શાસ્ત્ર છે, તેનો છંદ છે, તેની ગતિ છે, તેની લય છે, તેની સૌંદર્યતા પણ છે. પરંતુ અત્યારે આ બધી બાબતોમાં કોઈને રસ નથી. ઉપરોક્ત બાબતો ભૂલાતી જાય છે. જે આપણી આવતી પેઢી માટે નુકસાન રૂપ બાબત છે. આજે આ તથ્યોની સંગીત સભાઓ તથા સંમેલનમાં ચર્ચા થવી જોઈએ જેના પરિણામે આજના વિદ્યાર્થીઓ આપણી પરંપરાને જાળવી શકે.

- પ્રાચીન સમયમાં આજના જેવી આધુનિક માઈક સીસ્ટમ ન હોવાને કારણે રીયાઝ દમદાર કરવો તેવી માન્યતા હતી પરંતુ આજે નાના અવાજને મોટો કરી છેક સુધી સંભળાય અને અવાજને વધારે સુંદરતા સાથે સંભળાવી શકાય તેવી માઈક સિસ્ટમ ઉપલબ્ધ છે. જેના પરીણામે વાદકે ખૂબ મુલાયમ તથા કોમળ હાથે વગાડવાનો રીયાઝ કરવો જોઈએ. બની શકે તો આજની આ માઈક સિસ્ટમ સાથે વાદકે રીયાઝ કરવો જોઈએ જેનાથી બોલની સૌંદર્યતાને જાળવીને આપણે વાદન કરી શકીએ.

- પ્રાચીન સમયના ગુરૂઓની માન્યતા એવી હતી કે એક જ બોલનો રીયાઝ ઘણા લાંબા સમય સુધી કરવો જોઈએ. જેના ફળસ્વરૂપે 'ચિલ્લા'ની પરંપરાનું સર્જન થયું. જેના પરિણામે વાદકોમાં વધારે ઉત્સાહ અને એકં ધ્યાનથી રીયાઝ થવા લાગ્યો. કારણકે 'ચિલ્લા' એ સાતકે આઠ દિવસનો હોય છે. આ દિવસો દરમિયાન વાદક સવાર-સાંજ બંને સમયે એક નિશ્ચિત સમય નક્કી કરીને રીયાઝ કરે છે. અર્થાત્ કે સવારે પાંચ કલાક અને સાંજે પાંચ કલાક વાદક પોતાની શક્તિ પ્રમાણે સમય નક્કી કરીને રીયાઝ કરે છે. આ દિવસો દરમિયાન વાદકે સાત્વિક આહાર લેવો, પ્રમાણમાં લેવો, ઘર બહાર જવું નહિં, જરૂરિયાત પૂરતી જ વાતો કરવી, એક જ આસન પર બેસવું અને રીયાઝ કરવો. રીયાઝ પછીના સમયમાં પુસ્તકો વાંચવા કે ધ્યાન કરવું. નીચે સૂવું અર્થાત્ કે ચુસ્ત નિયમોનું પાલન કરવું. અને સાત્વિક મુદ્રા, સાત્વિક આહાર, સાત્વિક વાતાવરણ,સાત્વિક ભાવ વગેરેમાં રહેવું. અને સાથે એક જ બોલનો રીયાઝ કરવો.

જેનાથી એવું કહેવાય છે કે જે બોલ પર વાદકે રીયાઝ કર્યો હોય તે બોલ વાદકનો થઈ જાય. અર્થાત્ કે તે બોલ પર વાદકનું પ્રભુત્ત્વ આવી જાય. અને તેથી જ તે સમયે વાદકોમાં ચિલ્લાની ચર્ચા થતી. તથા કોને કેટલા 'ચિલ્લા'નો અભ્યાસ કર્યો તે તેનું સન્માન કહેવાતું અને ખરેખર ચિલ્લાની પ્રથા વાદકો માટે આશિર્વાદ રૂપ થઈ પડી છે.

પરંતુ એક વાતનો અફસોસ થાય છે કે આજે આ 'ચિલ્લા' નામના શબ્દનો અર્થ આજના ગુરૂ શિષ્યોને ખબર નથી. 'ચિલ્લો' એ શું છે. તેની જાણકારી નથી, મારો પોતાનો આ અભિપ્રાય છે. મેં ઘણા શિક્ષકો સાથે ચિલ્લાની ચર્ચા કરી છે. પરંતુ તેમાંથી સાચી વાતનો તાગ ન મળ્યો. તથા ઘણા શિક્ષકોનું એવું માનવું છે કે ચિલ્લાની પ્રથા આજના વાદકો માટે આશિર્વાદ રૂપ નથી. કારણ કે આજે સમયનો ખૂબ અભાવ છે. તેવું કહેવાવાળા પણ આ ભારતની ધરતી પર પડયા છે.

હું ફકત એટલું જ કહું છુ કે સતત વિદેશી સંસ્કૃતિનું આંધળુ અનુકરણ કરનારા માનવો પોતાના પરિવારની પરંપરાને અભેરાઈઓ પર ચઢાવનારાઓ વિદેશી મતવાળા મારા ભાઈઓ ને એટલું જ કહેવાનું કે આજે વિદેશના લોકો આપણી પ્રાચીન પરંપરાને અપનાવી છે. મેં આવા વિદેશના કેટલાય લોકોને જોયા છે. જેઓ ભારતની ભૂમિના મહાન ગુરૂઓ પાસે તબલા કે બીજા વાદ્યોની તાલીમ લઈ રહયા છે. તેઓની પાસે સહજ ચર્ચા કરતા 'ચિલ્લા' વિશે પણ જાણવા મળ્યું સાથે એવા કેટલાય સિધ્ધાંતો તથા સંગીત વિષયક ચર્ચાઓ તેઓએ કરી. આ વાત શું સૂચવે છે ? શું આપણે વિદેશી અનુકરણ કરીને ૨૧મી સદીમાં જઈશું કે પછી અવદશાનો ભોગ બનીશું ? આ વાત આપણી આજની યુવા પેઢી પર છોડું છું. તેને સ્વિકારી પ્રાચીન છતાં આ નવીન કાર્યમાં જોડાવું કે નહિં.

- આ સિવાય બોલ પરના પ્રભુત્ત્વ પછી પ્રાચીન ગુરૂઓ વિભિન્ન બંદિશોનો રીયાઝ કરવો તથા

તેમાં લયકારીઓનું પ્રસ્થાપન તે શ્રેષ્ઠ વાદકની નિશાની છે. વાદક જે ઘરાનાનો હોય તે ઘરાનાની બંદિશો પર તેનું પ્રભુત્ત્વ હોવું જોઈએ તેવી માન્યતા હતી. પોતાના ઘરાના માટે ખૂબ વિશ્વાસ અને શ્રધ્ધા રાખતા. કોઈ વાદક કે ગુરૂ કોઈના ઘરાના વિશે કાંઈ બોલી જાયતો તે ઘરાનાવાળો વ્યક્તિ તેની વાતને સહન નહતો કરી શક્તો. તેના પરીણામે કટ્ટર ઘરાના વાદનો ઉદ્‌ભવ થયો હતો.

તે સમયે વિદ્વાન તેજ ગણાતો જેની પાસે બંદિશોનો ખજાનો હોય તથા તે દરેક બંદિશની સાથે તેના તથ્યો તથા લયકારીઓને જાણતો હોય તેવા જ વાદકને વિદ્વાન ગણવામાં આવતો.

જયારે આજે બંદિશોની સુંદરતાનો કોઈને ખ્યાલ નથી ફક્ત રેલગાડી દોડાવી,કબૂતરના અવાજ કાઢીને સામાન્ય શ્રોતાઓને ખુશ કરવા સિવાય આજે બીજી કોઈ બાબત વાદનમાં જોવા મળતી નથી. આજે વાદક ખૂબ ઝડપી તબલા વગાડી શકે તે સારો તબલા વાદક અને જે બંદિશો વગાડી બતાવે તે ઉતરતી કક્ષાનો તબલા વાદક તેવી છાપ આજના જનમાનસની અને શ્રોતાઓની છે. આ છાપને પાડનાર કોણ ? તો તબલા વાદકો જ. જો આપણા તબલાવાદકો જ આ પ્રમાણે શ્રોતાઓને સાચા વાદનથી વિમુખ કરશે તો પછી ભવિષ્યમાં તબલાની પરંપરાનું શું થશે. તેનો વિચાર કરવો જોઈએ. લોકોના માનસમાંથી સાચા તબલાનો પ્રભાવ નીકળી જશે. આજે ભારતના ઉચ્ચકક્ષાના તબલા વાદકો તથા ગુરૂઓ,શિક્ષકોએ બંદિશોની ચર્ચા ખુલ્લેઆમ કરવી જોઈએ. કાર્યક્રમોમાં પણ શુધ્ધ વાદન પર ભાર મુકવો જોઈએ. તો આપણી ઘરાનેદાર બંદિશો સચવાશે, આ પણ ઘરાના સચવાશે, આપણા પ્રાચીન વાદકોની પરંપરા સચવાશે, તેઓના જીવનની કથાઓ સચવાશે અને તેઓની પ્રેરણા સચવાવશે તો આજના સંગીતનો વિદ્યાર્થી,ગુરૂ,શિક્ષક,શ્રોતા અને વાદક પણ સાથે સચવાઈ જશે. આજના ગુરૂ,વાદક અને શિક્ષકની આ સમાજ માટે ખૂબ મોટી જવાબદારી આવી પડી છે. તેને ઉપાડી લઈને સમાજના ઘડતરમાં તથા આપણી લુપ્ત થતી સંસ્કૃતિ-સંસ્કારનું સિંચન કરવા ઘસાવું પડશે.

- પ્રાચીન સમયના વિદ્વાનોને બંદિશોનો સંગ્રહ તથા નવી-નવી બંદિશોની રચના કરવાનો શોખ હતો. તે સમયના વિદ્વાનો અનેક પ્રસંગો પરથી પણ બંદિશો બનાવતા હતા. જેના ઉદા. રૂપે આજે

આપણી પાસે લાલ કિલ્લાની પરન,ચાબુક મારગત, તાસાનાક્કારાની ગત વગેરે નામો સાથે અસંખ્ય બંદિશોની રચનાઓ જોવા મળે છે. જે આપણા પ્રાચીન વિદ્વાનોની ધરોહર છે. આ બંદિશોનું ફક્ત નામજ નથી પણ નામની સાથે તેના તથ્યો જોડાયેલા છે. આવો શોખ તે સમયના વિદ્વાનોને હતો. બંદિશોના સંગ્રહ બાબતે પણ ચડસા-ચડસી થતી હતી કે આ વાદક પાસે આટલી બંદિશો છે તથા આની પાસે આટલી. તેના કારણે વાદકની પ્રતિભાનો દરજજો નક્કી થતો.

આજે વાદકને બે ચાર બંદિશ આવડી જાય એટલે પોતાની જાતને પંડિત કે ઉસ્તાદના દરજજાની સાથે જોડી દે છે. આજે બંદિશોનો સંગ્રહ કરવાની વાત તો બાજુ પર રહી પરંતુ બંદિશો છે તેને શિખવાનો પ્રયત્ન પણ કરતા નથી. થોડુંક-થોડુંક નક્કી કરેલા ચાર-પાંચ તાલોમાં આવડી ગયું એટલે મહાન તબલા વાદક બસ આજ માન્યતાને ઘણું પ્રોત્સાહન મળ્યું છે. બે ચાર વાતો કરવી અને સાથે થોડી બંદિશો સંભળાવી દેવી તેથી વિદ્વાન તબલા વાદક એવું માને છે. ખરેખર આવા પ્રકારના વ્યક્તિઓએ પ્રાચીન વાદકોના જીવન ચરિત્રને વાંચવા જોઈએ અથવા તો કોઈ જૂની પેઢીના વિદ્વાન પાસેથી ઉમદા તબલા વાદકોના જીવનનો પરિચય મેળવવો જોઈએ.

- પ્રાચીન વાદકો મોટા મોઢાના તબલાનો ઉપયોગ કરતા ખાસ કરીને રિયાઝમાં મોટા મોઢાના તબલાનો ઉપયોગ શ્રેષ્ઠ માનવામાં આવે છે. કારણકે મોટા મોઢાવાળા તબલા પર રીયાઝ કરવાથી બોલમાં સ્પષ્ટતા આવે છે. તથા મોટા મોઢાના તબલા પર રીયાઝ કરવાથી કોઈ પણ તબલું વગાડી શકાય છે. મોટા મોઢાના તબલાથી એક ફાયદો એ પણ રહે છે કે ગાયન અથવા વાદન કે સ્વતંત્ર વાદનમાં જે સ્વરમાં તબલું મેળવેલું હોય તે જ સ્વરની 'આંસ' કાયમ રહે છે. જેથી એક અનોખું વાતાવરણ ઉભું થાય છે. આ વાત ખરેખર મોટા મોઢાના તબલા પર વાદન કર્યા પછી જ સમજાય તેમ છે. પરંતુ ખરેખર પ્રાચીન ગુરૂજનોએ યોગ્ય રીતે જ આ વાતને સ્પષ્ટતા આપી છે. જે સાચા અર્થમાં સત્ય બાબત છે. આજે પણ ગુરૂજનો મોટા મોઢા પર રીયાઝ કરવા માટે શિષ્યોને સલાહ આપે છે.

● પ્રાચીન વાદકોનો સૌથી શ્રેષ્ઠ ગુણ એ હતો કે તેઓ ગુરૂનો આદર સત્કાર કરતા તથા ગુરૂએ બનાવેલા નિયમોનું ચુસ્ત પાલન કરતાં. ગુરૂની આસપાસના વાતાવરણમાં કોઈપણ પ્રકારની અસભ્ય વાત કે વર્તન કરતા નહતાં. ગુરૂનો ખૂબ આદર કરતા ગુરૂને ભગવાનના સ્થાને માનતા. તે સમયે ગુરૂની પાસે શીખવા માટે ગુરૂની ખૂબ સેવા કરવી પડતી અને ત્યારપછી ગુરૂને યોગ્ય લાગે કે આ શિષ્ય ઉત્તમ વાદક બની શકશે. ત્યારે જ ગુરૂ તેને તાલીમ આપવાનું શરૂ કરતાં અર્થાત્ કે ગુરૂ શિષ્યની પરિક્ષા કરતા તેને કઠોર પરિશ્રમ કરાવ્યા પછી પણ જો શિષ્યને લગન હોય તો ગુરૂ તેને શિખવતા તેથી જ ઉત્તમ ગુરૂઓ પાસેથી ઉત્તમ શિષ્યોની ભેટ સંગીત જગત ને મળતી. ગુરૂની આ કસોટીના કારણે એવા શિષ્યો પેદા થતા હતા કે ખરેખર તે બીજા વાદક કરતા અલગ તરી આવે તેથી જ પ્રાચીન વાદકો પોતાની ખાસ વિશેષતા, પોતાની ખાસ પહેચાનથી ઓળખાતા. ગુરૂના સ્નેહ અને તેમની પાસેની વાદનશૈલી તથા બંદિશો હોવાને કારણે શિષ્ય ક્યારેય પોતાના ઘરાના કે ગુરૂનું નીચું સાંભળી શકતા ન હતા. અને સાચા અર્થમાં ગુરૂકુળ પ્રથા અને ગુરૂના આદર્શો શિષ્યોમાં જોવા મળતા. તેથી શ્રેષ્ઠ વાદકો ઘણા વર્ષોની તપશ્ચર્યા પછી પોતાનું એક અલગ સ્થાન ધરાવતા અને સાચે જ તે સમયે-

गुरु ब्रह्मा गुरुविष्णु गुरुदेवो महेश्वर ।
गुरुसाक्षात पर ब्रह्मा तस्मैश्रीगुरुवे नमः ।।

આ શ્લોક સાર્થક હતો.

● તે સમયના વાદકોમાં આદર સત્કારની ભાવના જોવા મળતી, પોતાના ગુરૂ સિવાય બીજા કોઈ ગુરૂ હોયતો તેઓને પણ સન્માન આપવું તથા સારા વાદકને પણ સન્માન આપવું વગેરે સન્માનની ભાવનાઓ જોવા મળતી.

● તબલા વાદકને કોઈ ગાયક કે વાદક સાથે સંગતી કરવાની હોયતો તે વાદક કે ગાયકની પાસે સમય કરતા વહેલો પહોંચીને તેઓની સાથે વાદનની બાબતમાં ચર્ચા કરતો તથા સાથે થોડો રીયાઝ પણ કરતો. સંગતી વખતે વાદક ક્યારેય ગાયક ને કે વાદકને પોતાના વાદનની અડચણ ન પડે તેનો ખ્યાલ રાખતો સાથે એ પણ ખ્યાલ રાખતો કે ગાયક કે વાદક જે ઘરાનાનો હોય તેના અનુરૂપ જ વાદન થાય તેવું ઈચ્છતો. પ્રાચીન વાદકો ખરેખર સાચા અર્થમાં એક સારા ગુરુ,સારા શિષ્ય, સારા સ્વતંત્રવાદક, સારા સંગતીકાર, તથા ગુરૂ સત્કારમાં માનવાવાળા વિદ્વાન વ્યક્તિઓ હતા. અને આજે પણ તે પરંપરાઓના પ્રતિનિધિ સમા વાદકો હયાત છે. જેઓ ઉપરોક્ત તમામ બાબતોનું પાલન કરે છે.

આજે આધુનિક યુગના શિષ્યોની ચર્ચા આગળ કરવામાં આવી છે. આજના શિષ્યોમાં એટલા દોષ છે કે તે કહેવા મુશ્કેલ છે. આજના શિષ્યોએ ગુરૂઓની પાસેથી પ્રાચીન વાદકોના જીવન ચરિત્ર તથા તેઓના અનુભવ વિશે જાણવું જોઈએ. ગુરૂના આદર્શોનું પાલન કરવું જોઈએ. ઘણા પ્રશ્નો આજે ઉપસ્થિત છે. જેનુ નિરાકરણ આજના શિષ્યએ પોતાના વાણી, વર્તન, વ્યવહાર, સભ્યતા,સંસ્કારિતા વગેરેનું પોતાની જાતે મૂલ્યાંકન કરી જાતે જ વિચારવાનું રહેશે કે પોતાને શું કરવું, કેવી રીતે કરવું, કોનું માર્ગદર્શન લેવું, ક્યાં જવું. વગેરે તમામ પ્રશ્નોના ઉકેલ પોતાને જ શોધવા પડશે. ત્યારે જ સાચા અર્થમાં એક સાચા શિષ્ય તરીકે ત્યાર પછી સારા ગુરૂ તરીકે પ્રસ્થાપિત થઈ શકાશે. આજે એવા ઘણા શિષ્યો અને વિદ્યાર્થીઓ છે કે જેઓ ગુરૂના બતાવ્યા માર્ગ પર ચાલે છે. જેના કારણે તેઓ એક ઉત્તમ શિષ્ય બન્યા છે. અને ભષ્યિમાં સારા ગુરૂ તરીકે સેવા બજાવશે. ઉપરોક્ત તમામ ચર્ચાઓ એ મારી લાગણીઓ તથા મારા હૃદયના ભાવો છે. જેની પ્રાપ્તિ મને મારા ગુરૂ શ્રીસુધીરકુમાર સક્સેના સાહેબ, ડો. આબાન મીસ્ત્રીજી, મારા માતા-પિતા, સ્નેહીઓ તથા મારી ધાર્મિક પ્રવૃતિઓને જેઓના કારણે સાચવી શક્યો છું તેવા પરમ પૂજ્ય વેદ તપોનિષ્ઠ ગુરૂશ્રી રામશર્મા આચાર્ય જેઓ વેદો તથા કર્મકાંડ અને વૈદિક પરંપરાના હિમાયતી હતા. આ તમામ મારા

ગુરૂઓ તથા એવા કેટલાયે ભારતનાં હજારો વિદ્વાનો અને મારા મિત્રોના સહચાર્યના ફળ સ્વરૂપે ઉપરોક્ત ચર્ચા કરી શક્યો છું.

# બંદિશોમાં સુંદરતાની આવશ્યકતા

ઘરાના પરંપરાઓની સાથે તથા અલગ-અલગ પ્રાચીન વાદકો દ્વારા તબલા વાદ્યમાં મૂળ શરૂઆતથી બંદિશોનું મહત્ત્વ રહયું છે. શરૂઆતમાં તબલા ફકત સંગતિનું સાધન હતું. પરંતુ નવિન સંશોધન સાથે આ સંગતિના વાદ્યમાં સ્વતંત્ર પક્ષની શરૂઆત થઈ. હવે સ્વતંત્રવાદનની સાથે તેમાં વાદનમાં ચમત્કારીકતા તથા શ્રોતાઓને આનંદ મળી શકે અર્થાત્ કે શ્રોતા વાદનમાં રસ ધરાવતો થાય તે માટે તબલાના સ્વતંત્ર વાદનમાં એક ભંડારની જરૂર પડી. જેના ફળ સ્વરૂપે વિવિધ કલ્પનાઓ તથા ગણિતના સહારે અલગ-અલગ લય તથા લયકારીઓમાં બંદિશોની રચનાના ક્રમની શરૂઆત થઈ. લગભગ પ્રાચીન બધા ઘરાનાઓના વાદકોએ પોતાની કાર્યક્ષમતા તથા વૈચારિક ક્ષમતાના આધાર પર અલગ-અલગ બંદિશોની રચના કરવાનું શરૂ કર્યુ. જેના ફળ સ્વરૂપે સમય જતા બંદિશોનો ખજાનો તૈયાર થયો. એક થી એક ચઢીયાતી બંદિશો તબલાના સ્વતંત્ર વાદનમાં સાંભળાવવાની શરૂઆત થઈ. અને આ શરૂઆત પણ ત્યાં સુધી કે આ બંદિશો વાદકોની કક્ષા નક્કી કરવા લાગી. જેની પાસે જેટલી બંદિશોનો વધારે અભ્યાસ તેટલી તે વાદકની કક્ષા ઊંચી કહેવાતી. તે વિદ્વાન કહેવાતો.

બંદિશોની રચનાનો ક્રમ ધીરે ધીરે લુપ્ત થતો ગયો. ભારતની સંસ્કૃતિમાં જેમ વિદેશી સંસ્કૃતિનો પ્રભાવ પડયો છે. અને ભારતીય સંસ્કૃતિ જે વિશ્વની શ્રેષ્ઠ સંસ્કૃતિ કહેવાય છે તે ભારતની સંસ્કૃતિ ને હવે ભારતીયો એ વિદેશમાં શિખવા જવી પડશે.તેવું જ આજે તબલાની બંદિશોનું થયુ છે. દુર્ભાગ્યે પ્રાચીન બંદિશોને આપણે પચાવી શક્યા નથી. બંદિશોનું મહત્ત્વ ઘટયું છે અને એની જગ્યાએ તૈયારી અથવા ટ્રેનના અવાજ કાઢવા, પક્ષીઓના અવાજ કાઢવા, વિજળીના ચમકારા બતાવવા મૂળ તબલાના બાજમાં ફેરફાર કરી કઢંગી રીતે તબલા વગાડવા, તેવા પ્રકારની કેહવાતી આધુનિક બંદિશોનું પ્રચલન વધ્યું છે. હવે આવા વાદનમાં ન તો લય કે લયકારીઓની સમજ હોય છે

કે ન તો તેમાં કોઈ બોલ-બાંટ કે પ્રકાર હોય છે. જેને જેમ ફાવે તેમ તબલાને તમચા માર્યા કરે છે. અને તાલીઓ પડાવ્યા કરે છે. અને હા એક બીજી નવી બંદિશોના પ્રકાર પણ આજે પ્રચલિત છે. વાદક વગાડે છે. તે બંદિશો સુંદર હોય કે ન હોય. પણ વાદક સુંદર હોવો જોઈએ. વાદક વાદનમાં સુંદર બંદિશોનું વાદન કરે કે ન કરે પણ પોતાના વાળને અલગ-અલગ રીતે પોતાનું માથું ધુણાવીને વાળની બંદિશો અવશ્ય પ્રસ્તુત કરે છે.

હા ! આજે તબલાનો વાદન પક્ષ ખરેખર ઉચ્ચકક્ષાએ બિરાજમાન છે. ગાયન, તંતુવાદ્ય, સુષિર વાદ્ય કોઈપણ પ્રકારની નાની સભાથી માંડીને સંગીત સંમેલન સુધી તબલા વાદ્યની બોલબાલા છે. પરંતુ આજે એક 'સ્પીડ' તૈયારીની હરીફાઈ જામી છે. તેમાં કોણ જીતશે અને કોણ હારશે તે તો ખબર નથી પરંતુ આ હરીફાઈમાં વાદકને એ ખબર નથી કે આપણી પરંપરાનુસારનું વાદન અત્યારે જેટલું બચ્યું છે. તે પણ સાવ ભૂંસાઈ જશે. તેનો ખજાનો કોઈક એવા ઊંડાણમાં ચાલ્યો જશે કે આવનારી પેઢીને એ તમામ પ્રાચીન વાદનની બંદિશો તથા ગુરૂઓની પરંપરા વિશે ખ્યાલ નહી હોય અને શોધવા છતાં તેને શોધી નહીં શકે. કારણ કે કોઈ પરંપરા બચી હશે તો રસ્તો મળશે ને. ખરેખર આજે તબલા વાદ્યમાં ભયાનક જીવાણુઓનો પગપેસારો થઈ ગયો છે. જ્યારે આનો વિસ્ફોટ થશે ત્યારે તબલાની પરંપરા સંગ્રાહાલયમાં સાચવવા જેવી પણ નહી રહે. આ એટલા માટે કહી રહયો છું કે આજે વિદ્યાર્થી બંદિશો શીખવાની જગ્યાએ રૂ.૧૦૦ કેમ કમાવાય અને તે માટે કેવા પ્રકારનું વાદન શીખવું જોઈએ તે શોધી રહયો છે. અને આજનો શિક્ષક પણ તે જ અવસ્થામાં જીવી રહયો છે કે કેમ રૂપિયો મળે. તેને તેની પરંપરાની કોઈ પડી નથી. છતાં આજે પણ એવા કેટલાયે ગુરૂઓ છે કે જેઓ આપણી પરંપરાને લુપ્ત થતા અટકાવવા ખૂબ મહેનત કરી રહયા છે. આવા વંદનીય પુરૂષોને હું પ્રણામ કરૂ છું.

એક સત્ય વાત કહેવા માંગુ છુ. આજનો શ્રોતા અને વાદક જયારે આ તૈયારીના વાદનથી કંટાળશે ત્યારે ફરીથી પ્રાચીન વાદકોની બંદિશોની આવશ્યકતા મહેસુસ કરશે.

ત્યારે તેના માટે સમય જતો રહયો હશે. તેથી આજે આજના વાદકને જાગવાની જરૂર છે કે સાચું વાદન તથા બંદિશોની ચર્ચા જાહેરમાં કરવી જોઈએ, શીખવી જોઈએ, બંદિશોને શિખડાવવવી જોઈએ તથા સમજાવવી જોઈએ . જેથી ફરીથી તે પ્રાચીન શ્રોતા ઉભો થાય કે જે આજે નથી. આની શરૂઆત વિદ્યાર્થીઓથી કરવી પડશે. વિદ્યાર્થીઓને તૈયારીની શિક્ષા આપવાને બદલે બંદિશોની સુંદરતા વિશે સમજાવી તેને સાચા માર્ગે લઈ જવો જોઈએ.

પંડીતો તથા ઉસ્તાદો દ્વારા બનાવેલી બંદિશોના રસશાસ્ત્રને સમજાવી સાથે બંદિશ બનાવનાર ગુરૂનો પરીચય પણ કરાવવો જોઈએ. આજે બંદિશો લુપ્ત થઈ ગઈ છે.કારણ કે શિક્ષકો તથા વિદ્યાર્થીઓ ગણતરીની તિહાઈઓ જાણી લે એટલે વિદ્વાન કે ગુરૂ થઈ જવાની કોશિષ કરે છે. તેથી પ્રાચીન પરંપરા લુપ્ત થઈ રહી છે.

પ્રાચીન વાદકો બંદિશોની રચનાની સાથે તેના રસભાવ તથા અલંકારોનો પણ ખ્યાલ રાખતા હતા. તેથી બંદિશોમાં સુંદરતા વધતી હતી. તેવી હજારો બંદિશો આજે પણ સાચા વિદ્વાનોને યાદ છે. શ્રોતાઓને મંત્રમુગ્ધ કરવા માટે બંદિશોમાં ચમત્કારિકતા તથા વિવિધિતા લાવતા જેમ કે ફરમાઈશી, કમાલી,લોમવીલોમ,ચાબુકમારગત,તાસાનક્કારાની ગત, પ્રથમ અક્ષરે શરૂ થઈ અને તેજ અક્ષરે પુરૂ થાય તેવા પ્રકારની બંદિશોની રચનાઓ થયેલી છે. આવી બંદિશો સાંભળવાથી શ્રોતા મંત્રમુગ્ધ થાય જ તે સત્ય બાબત છે. અને હા! તે સમયના શ્રોતા પણ જાણકાર હતા, સંગીતને ખૂબ આદર આપતા, કંઈક સારૂ સાંભળતા બોલી ઉઠતા 'વાહ! ક્યા બાત હૈ' અથવા 'એ બાત' અથવા 'વાહ!'. આવું બોલવાની સાથે જુમી પણ ઉઠતા. જેની સામે આજનો શ્રોતા સંગીતથી અભણ છે. અને ફક્ત સામજિક વધારવા અથવા કોઈક ની દેખાદેખીએ સંગીત મેહફિલોમાં વટ પાડવા જતો હોય છે અને મન ફાવે ત્યાં વાહ ! ક્યાં બાત હૈ તેવું બોલવા લાગે છે. અથવા તો કોઈકનું અનુકરણ કર્યા કરે છે.

તેથી આજે પ્રાથમિક ક્રમમાં પણ સંગીતને સ્થાન આપવું જરૂરી છે. તથા વાદકે પોતાની પાસે બંદિશો પ્રસ્તુતિકરણ વખતે તેને સમજાવવી જોઈએ. જે શ્રોતાઓને સંભળાવતા-

સંભળાવતા શિક્ષણ આપવાનો ઉત્તમ તરીકો છે.

ખરેખર ઉપરોક્ત 'બંદિશોમાં સુંદરતાની આવશ્યકતા' વિષયની ચર્ચામાં જેટલું કહેવું હોય તેટલું આવું છે. તેથી એટલું જ કહું છુ કે હવે ખરેખર આજના ગુરૂને જાગવાની જરૂર છે. અને ફરીથી પ્રાચીનન બંદિશોને બહાર લાવી વિદ્યાર્થીઓને શીખવવાની જરૂર છે. તથા બંદિશોના સ્થાઈ ભાવ, રસભાવ, અલંકારીક્તા, સુંદરતા વગેરે બોધ બંદિશ શીખવતા પહેલા આપીને બંદિશો શીખવવી જોઈએ. જેનાથી આજે રસ્તા પર ચાલનારી ટ્રેનો,વૃક્ષ પર બોલતા પક્ષીઓ અને આકાશમાં ઉડતા વિમાનોના અવાજ તબલામાં દોડતા-બોલતા-વાગતા બંધ થાય. આજના શ્રોતાઓને સાચો માર્ગ મળે તે માટે અને પોતાના આત્માનો, હૃદયનો તથા દૈવિક આનંદ પ્રાપ્ત કરે તથા શ્રોતા ખરેખર સાચા હૃદયથી અપણા સંગીતની પૂજા કરે તેને 'સ્ટેટસ સીમ્બોલ' ન બનાવે આત્માનો આનંદ પ્રાપ્ત કરે. વાદકને પણ પોતાના હૃદયમાંથી બંદિશો નીકળે અને પોતે તો મોક્ષ પ્રાપ્તિના માર્ગે જાય સાથે સાથે શ્રોતાઓને પણ સ્વર્ગલોક્નો આનંદ અપાવે.

# 'સ્વર થી ઈશ્વર'

શું સંગીત અને આધ્યાત્મને કોઈ સંબંધ છે ? અને જો હોય તો કેટલા અંશે ? આવા અસંખ્ય પ્રશ્નો 'સ્વર થી ઈશ્વર' પ્રાપ્તિ થઈ શકે છે. તેવું વાક્ય બોલતાની સાથે અથવા સાંભળતાની સાથે થાય છે. ઘણા વિદ્વાનો સાથે ચર્ચા તથા ગ્રંથોના અધ્યયન પછી કંઈક કહેવાની ઈચ્છા થઈ છે.

મુખ્યતઃ બધા વિદ્વાનો તથા સંગીતાચાર્યોનું કહેવું છે કે આધ્યાત્મ અને સંગીતને ખૂબ નજીકનો સંબંધ છે. કેટલાક આચાર્યના મત પ્રમાણે 'સંગીતતો રંજન માટે છે. તથા **रंजयत्ति इत्ति रागः**' કહીને આજ સંગીતના રાગો તથા રાગિનિઓની પરિભાષા છે. સંગીતતો સૌંદર્યવાદી કલા છે તેવું કહે છે. પરંતુ એક વાત સત્ય છે કે સંગીત દ્વારા ઈશ્વર પ્રાપ્તિ તે અધ્યાત્મનો સૌથી શ્રેષ્ઠ તથા સરળમાર્ગ છે. ભગવાન વિષ્ણુએ નારદજીને કહયું છે તે આપણે જાણીએ છીએ 'નાહં વસામિ વૈકુંઠ ...'. ધ્યાન યોગની અપેક્ષાએ ભગવાનને ભક્તિ ગાયન,ભક્તિ સંગીત વધારે પ્રિય છે.

ઉપરોક્ત વિષ્ણુ ભગવાનના ઉપદેશને સમજવાથી સંગીતની મહત્તા અને ભારતીય સંગીતનો તે સમય યાદ આવે છે. જયારે અહીં ગામે-ગામમાં પ્રેરક મનોરંજનના રૂપમાં સંગીતનો પ્રયોગ વિસ્તારથી થતો હતો. સંગીતમાં ફકત ગાવું - વગાડવું એટલું જ નહિં પરંતુ નૃત્યને પણ સ્થાન હતું. કથા, કીર્તન, લોક-ગાયન અને વિભિન્ન ધાર્મિક તથા સામાજિક પર્વ-તહેવારો અને ઉત્સવો પર અન્ય કાયક્રમોની સાથે સંગીત અનિવાર્ય રૂપથી જોડાયેલું રહેતું. તેનાથી વ્યક્તિ અને સમાજ બંનેના જીવનમાં શાંતિ અને પ્રસન્નતા,ઉલ્લાસ અને ક્રિયાશીલતા નો ક્યારેય અભાવ નહતો અનુભવાતો.

અક્ષર પરબ્રહ્મ પરમાત્માની અનુભૂતિ માટે વસ્તુતઃ સંગીત સાધનાથી સાચુ અને સરળ કોઈ માધ્યમ નથી. તેથી જ અહિંની ઉપાસના પધ્ધતિઓથી લઈને કર્મકાંડ સુધી સર્વત્ર 'સ્વર' સંયોજન અનિવાર્ય રહયુ છે. મંત્ર પણ વસ્તુતઃ છંદ જ છે. વેદોની પ્રત્યેક ઋચાના કોઈ ઋષિ,કોઈ

દેવતા, તો હોય છે. તેનો કોઈને કોઈ છંદ હોય છે. જેમ કે ત્રુષ્ટુપ, અનુષ્ટુપ, ગાયત્રી,વગેરે તેનો અર્થ એ છે કે તે મંત્રની તાલ,લય તથા ગતિ પણ નિર્ધારિત હશે. જેમ રેડીયોમાં અમુક ફ્રિકવન્સીથી અમુક સ્ટેશન વાગશે. તે જ પ્રમાણે અમુક ગતિ,લય, અને તાલના ઉચ્ચારણ થી જ મંત્ર સિધ્ધ થશે- તે તેનું વિજ્ઞાન છે.

કોલાહલ અને સમસ્યાઓથી ભરેલા આ સંસારમાં જો પરમાત્માનું કોઈ ઉત્તમ વરદાન હોય તો તે સંગીત છે. સંગીતથી પીડિત હૃદયને શાંતિ અને સંતોષ મળે છે. સંગીતથી મનુષ્યની સૃજન-શક્તિનો વિકાસ થાય છે. તથા આત્મિક પ્રફુલ્લતા મળે છે. જન્મથી છેક મૃત્યુ સુધીનું વિવાહોત્સવ,ધાર્મિક સમારોહ માટે ઉપયુક્ત સંગીત-નિધિ આપીને પરમાત્માએ મનુષ્યની પીડાને ઓછી કરી છે. તથા માનવીય ગુણોમાં પ્રેમ અને પ્રસન્નતાને વધારી છે. શાસ્ત્રકારો કહે છે કે...

**'स्वरेण सल्लयेत्त योगी'**

'સ્વર સાધના દ્વારા યોગી પોતાને તલ્લીન કરે છે.' અને એકાગ્ર કરેલી મનઃશક્તિને વિદ્યાધ્યયનથી માંડીને વ્યવસાયમાં લગાવીને ચમત્કારિક સફળતાઓને પ્રાપ્ત કરી શકે છે. તેથી માનવું પડશે કે સંગીત બાળકથી માંડીને વિદ્યાર્થી, વ્યવસાયી,ખેડૂત,મજદૂર, સ્ત્રી-પુરુષ બધાને માત્ર ઉપયોગી જ નહિ પરંતુ આવશ્યક છે. જેનાથી મનુષ્યની ક્રિયાશક્તિ વધે છે તથા આત્મિક આનંદની અનુભૂતિ થાય છે. આ વાતને ઋષિ-મનીષિયોએ અનુભવી છે. અને કહે છે કે...

**अभि स्वरन्ति बहवो मनीषियो राजा नमस्य भुवनस्य निसंते ।**(૧)

( ઋગ્વેદ ૧/૮૫/૩)

અર્થાત્ અનેક મનીષી વિશ્વના મહારાજાધિરાજ ભગવાનની સામે સંગીતમય સ્વર લગાવે છે. અને તેના દ્વારા તેને પ્રાપ્ત કરે છે.

એક અન્ય મંત્રમાં કહયુ છે કે ઈશ્વર પ્રાપ્તિ માટે જ્ઞાન અને કર્મયોગ મનુષ્ય માટે કઠિન છે. ભક્તિ ભાવનાઓથી હૃદયમાં ઉત્પન્ન થયેલી કરુણા જ સરળ માર્ગ છે. જેનાથી મનુષ્ય જલ્દી પરમાત્માની અનુભૂતિ કરે છે. અને આ ભક્તિ-ભાવનાઓના વિકાસમાં સંગીતનું જ યોગદાન છે.

'स्वरन्ति त्वा सुते नरो वसो निरेक उक्थिनः । [૧]

(ઋગ્વેદ ૮/૩૩/૨)

અર્થાત્ હે શિષ્ય ! તું તારા આત્મિક ઉત્થાનની ઈચ્છાથી મારી પાસે આવ્યો હોય તો હું તને ઈશ્વરનો ઉપદેશ આપું છું. તું તેને પ્રાપ્ત કરવા માટે સંગીતની સાથે આરાધના કરીશતો તે તારી હૃદય ગુફામાં પ્રગટ થઈને પોતાનો પ્યાર પ્રદાન કરશે. પૌરાણિક આખ્યાન છે કે બ્રહ્માજીના હૃદયમાં ઉલ્લાસ જાગૃત થયો, તો તે ગાવા લાગ્યા. તે જ અવસ્થામાં તેમના મુખમાંથી ગાયત્રી છંદ પ્રગટ થયો.

गायत्री मुखादुदपत्ति दित्ति च ब्रह्मणम् ।[૧]

(નિરુક્ત્)

અર્થાત્ ગાન કરતી વખતે બ્રહ્માજીના મુખમાંથી નિકળવાના કારણે ગાયત્રી નામ પડયું.

સંગીતના અદૃશ્ય પ્રભાવને શોધતા ભારતીય યોગીઓ અને સિધ્ધિઓને આધ્યાત્મનું વિશાળ ક્ષેત્ર ઉપલબ્ધ થયું. જેનું વર્ણન કરવા માટે એક અલગ વેદની રચના કરવી પડી. સામવેદમાં ભગવાનની સંગીત શક્તિ તથા રહસ્યો છે કે જેનું ગાન કરવાથી માનવ ભગવાનના દર્શન કરી શકે છે. આ વિષયમાં પાશ્ચાત્ય વિદ્વાનો પણ ભારતના આધ્યાત્મિક તત્ત્વોને માનવા લાગ્યા છે.

વિદેશોમાં વિજ્ઞાનની જેમ જ એક શાખા વિધિવત સંગીતના વિષય પર સંશોધન કરી રહી છે. તેઓ એ નિષ્કર્ષ પર પહોંચ્યા છે કે જો માનવીય ગુણો અને આત્મિક આનંદને જીવિત

રાખવા હોય તો મનુષ્ય પોતાને સંગીત સાથે જોડી દે તથા સંગીતની તુલના પ્રેમની સાથે કરે. બંને સમાન ઉત્પાદક શક્તિઓ છે. આ બંને થી પ્રાકૃતિક (જડ-ચેતન) અને જીવન (ચેતના-તત્ત્વ) બંને પર ચમત્કારિક પ્રભાવ પાડે છે. આજે પાશ્ચાત્ય વિદ્વાનોએ ભારતીય સંગીતને સ્વિકાર્યુ છે તથા તેના વિવિધ પ્રયોગો દ્વારા સંગીતની મહાશક્તિનો અનુભવ કર્યો છે. તેઓએ ભારતના આધ્યાત્મ પક્ષનો પણ ઊ ંડો અભ્યાસ કરી વૈદિક મંત્રોના નિયમબધ્ધ ગાન દ્વારા થતા ચમત્કારોનો પણ અભ્યાસ કર્યો છે. ભારતીય સંગીત તથા મંત્રગાનમાં શું શક્તિ તથા ઊર્જા છે. તેનો સ્વિકાર કર્યો છે. આજે ઘણા પ્રયોગો ચાલી રહયા છે. હજી ઘણા અવનવા પરિણામો આવવાની સંભાવનાઓ છે. એ સત્ય બાબત સાબિત થઈ છે કે ભારતીય આધ્યાત્મની સાથેના શાસ્ત્રીય સંગીતથી લોક કલ્યાણની સાથે વિશ્વ- કલ્યાણની ભાવના જોડાયેલી છે. આપણા વેદોનું રહસ્ય પણ એ જ છે. સામવેદનો આધાર સંગીત છે. કદાચ સંગીત શબ્દ 'સ્ા્ મગીત' નો અપભ્રંશ રૂપ હશે. પ્રણવ ઘોષમંત્રનો પ્રારંભ 'ઓમ' થી થાય છે. તથા ઉપાસના પૂજા અથવા કોઈપણ વિધિકાર્યનો પ્રારંભ **'श्रुति स्मृति पुराणोक्तं ....'** આ મંત્રના ઉચ્ચારણ સાથે થાય છે. તથા આપણા દેવતાઓને પણ સંગીતિક તત્ત્વો સાથે જોડવામાં આવ્યા છે.

જેમ કે શંકરજીનું 'પિનાક' વાદ્ય તથા નૃત્ય 'તાંડવ' નામથી અને પાવતીમાતાનું 'લાસ્ય' નામથી પ્રસિધ્ધ છે.' તેવું પણ કહેવાય છે કે તાંડવ થી 'તા' અને લાસ્ય થી 'લા' શબ્દ લઈને 'તાલ' શબ્દ બન્યો છે. નારદજીના હાથમાં નારદવિણા,માઁ સરસ્વતીના હાથમાં સરસ્વતી વિણા, તંબુર આયક, ગણપતીજી મૃદંગ વાદક, શ્રી કૃષ્ણની મોરલી, શ્રીકૃષ્ણ -મુરલીધર-બંસીધર નામથી પણ ઓળખાય છે. ભારતના સંતોનો ઈતિહાસ જોઈએ તો સુરદાસજી આધ્યાત્મવાદી સંગીતકાર હતા,તુલસીદાસજી પણ આ પ્રકારના સંત હતા, પુરંદરદાસ પગમાં ઘુંઘરુ બાંધી હાથમાં વીણા લઈને ગાતા નાચતા હતા. સૂફી સંત કવિ કબીરદાસજી પણ આધ્યત્માવાદી સંગીતકાર હતા. આવા ભારતમાં અનેક સંતો મહંતો થઈ ગયા. જેઓની જો ચર્ચા કરવામાં આવે તો આધ્યાત્મ અને સંગીત બંનેના વિષય ભેદોનો ઉકેલ તથા બંનેના સંબંધની માહિતી પ્રાપ્ત થાય. આવા પ્રયત્નો થયા છે અને થઈ રહયા છે. આમ આપણા સંતો

સંગીત દ્વારા ઈશ્વર સાથે બંધાયા હતા અર્થાત્ કે આધ્યાત્મ અને સંગીતને સંબંધ છે.

અહી આપણા શાસ્ત્રોની વાત કરુ તો આપણા વેદોએ તથા શાસ્ત્રો અને પુરાણોએ આપણને સાધનાની દ્દષ્ટિએ ઘણા માર્ગ બતાવ્યા છે. જેમાં જ્ઞાનયોગ,સાંખ્યયોગ,કર્મયોગ, નિષ્કામ કર્મયોગ, ક્રિયાયોગ અષ્ટાંગયોગ, ભક્તિયોગ જે કર્મયોગનો જ એક અંશ છે.

ઉપરોક્ત સાધનાના માર્ગોમાં ભક્તિયોગનું સંગીતમાં સવિશેષ મહત્ત્વ છે. કારણ કે ભક્તિયોગમાં પ્રેમ તત્ત્વની પ્રધાનતા છે. જે ભારતીય સંગીતની મૂળ પ્રકૃતિ છે. તેમાં સાધનાની સ્વતંત્રતા પણ રહેલી છે. સંત તુલસીદાસજીએ ભક્તિને અત્યંત સરળ, સુંદર તથા સ્વતંત્ર સાધના બતાવી છે. વિદ્વાનોએ ભક્તિના 'નવ' પ્રકાર પણ બતાવ્યા છે. જેમાં પરમાત્માના સત્સંગ, ભજન-કીર્તન તથા ત્યાં સુધી કે પરમાત્માના પ્રેમમાં ભાવ વિભોર થઈને નૃત્ય કરવું. આપણા રાગોમાં પણ વિવિધ અભિવ્યક્તિઓ જોડાયેલી છે. તથા જો આ અભિવ્યક્તિઓનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો નિશ્ચિંતપણે તે આનંદદાયી નિવડે છે જેમ કે તોડી,જૌનપુરીમાં કારૂણ્ય; શંકારા, અડાનામાં જોષ; મલ્હાર, ભૈરવમાં ગંભીરતા ઉદાત્તતા; વસંત,બહારમાં, પ્રકૃતિની સુંદરતા; બિહાગ કાફીમાં શ્રુંગાર; સારંગ ,પિલુમાં લાલિત્ય; મારવામાં બેચેની વગેરે રાગોનું પોતાનું તત્ત્વ છે. આમ મનના ભાવોનો સીધો સંબંધ પ્રસ્થાપિત કરી મનને એકાગ્ર કરી પરમતત્ત્વમાં વિલીન થવું ભારતીય સંગીતનો પ્રધાન ઉદ્દેશ છે. યોગ તપસ્યાનો આ પ્રત્યક્ષ અનુભવ સંગીતમાં નિશ્ચિંતરૂપથી મળે છે.

તાનપુરાને ષડજ-પંચમ, ષડજ-મધ્યમ,ષડજ-નિષાદમાં મેળવી તબલાને કે બીજાવાદ્યને તે સુરમાં મેળવી તાનપુરો છેડવાથી એકાગ્ર મનમાં સ્વરોનું ગુંજન થવા લાગશે અને સંગીત સાથે સમાધિનો અનુભવ થશે. એક તલ્લીનતાનું નિર્માણ થશે. અહી જ પરમાત્માના દર્શન થઈ જશે.

ઉસ્તાદ અબ્દુલ કરીમખાઁ સાહેબ સ્વરોને 'પરવરદિગાર' ઈશ્વર માને છે. તેઓ કહેતા કે જયારે અચુક પંચમ લાગી જાય છે. ત્યારે ભગવાનના દર્શન થઈ જાય છે. આ એક મહાન ગાયકની લાગણી છે. તેઓનો અનુભવ છે.

આપણા ધાર્મિક સ્થળો જેવાકે મંદીરો,સ્તુપો, અને ગુફાઓમાં પ્રાચીન શિલ્પોમાં વાદક-નર્તક-ગાયકોના ચિત્રો જોવા મળે છે. ધ્રુપદ ગાયકોના નોમતોમ આલાપમાં શબ્દ 'ઓકાર' પ્રણિત હોય છે. પરંતુ ઓમનમો નારાયણ વગેરે આધ્યાત્મિક નામ સાથે આલાપ કરવામાં આવે છે. આજ સંગીત જે આપણા સંતો,મહંતો, કવિઓ,ચિત્રકારો, તથા જેને મંદીરોમાં વિવિધ સમયે વિવિધ રાગોની અભિવ્યક્તિ સાથે લોક કલ્યાણ માટે ગાવામાં આવતુ હતુ. તે આધ્યાત્માવાદી સંગીત ત્યારપછી રાજ દરબારોમાં પ્રવિષ્ટ થઈ ગયું. ત્યારે ગાયક વાદકને સમય પર નિયંત્રણ તથા રંજકતા નિર્માણ કરવા માટે ખ્યાલ, ઠુમરી, ટપ્પા, ચૈતી,કજરી, દાદરા, હોરી,ગજલ,કવ્વાલી વગેરે ગાયન પ્રકારોનું નિર્માણ સમયના પરિવર્તન સાથે કર્યુ. જે સંગીત મંદીરોમાં ગાવામાં આવતું હતું તે ભોગવિલાસનું સાધન બન્યું. છતાં સંગીત આધ્યાત્મથી અલગ ન રહી શકયું. શ્રીકૃષ્ણ અને રાધાના નામથી ભક્તિપૂર્ણ ચીજોનું સર્જન થયું. જીવાત્મા અને પરમાત્માની વચ્ચે રહેલા ભક્તિ પ્રેમના સંબંધને પ્રેયસી અને પરમાત્મા પ્રિયકરના રૂપમાં માનીને બંદિશો રચવામાં આવી. આ સિવાય ગુરૂ પ્રત્યેનો પ્રેમ,શંકર ભગવાન,માઁ સરસ્વતી માઁ દુર્ગા,માઁ કાલી, શ્રીરામજી -હનુમાનજી,ગણપતિજી વગેરે દેવી દેવતાઓના ગુણગાન સાથે ચીજો (બંદિશો)ને વિવિધ રાગોમાં બનાવવામાં આવી. સાથે પ્રણયકથા, વીરકથાને પણ આવરી લે તેવી ચીજોની પણ રચના થઈ. ભક્તિભાવથી વિવિધ દેવી-દેવતાઓના નામથી સંબંધિત ચિજોમાંથી કેટલીક આ પ્રમાણે છે.

ગુરૂ બિન કૈસે ગુન ગાવે (યમન), ગગરી મોરી નહિં દેત (અડાણા), ભવાની દયાની તુ મહાબાક બાની(ભૈરવી), વિઘ્ન હરન ગજ વદન ગજાનન, પવન પુત હનુમાન સુખકરન(હંસધ્વનિ), સાદાશીવ ભજમના નિસદીન (યમન),મોરે નૈના ભર આયે હે માઁ શારદે (બૈરાગી), શંકર શિવ ગંગાધર (ધ્રુપદ)- શંકરા, શંકર શિવ ભંડાર બોલે, શિવ શંકર મહાદેવ આદીપુરૂષ- શંકરા, પવન પુત હનુમાન- દેશ, જય મહીશાસુરમર્દની- ભૂપાલી, જય જનની જય જીવનધાત્રી- ભૂપાલી, શ્યામ સુંદર મદનમોહન -ભૈરવી, તોરે બીન મોહે ચૈન નહી બ્રીજ કે નંદલાલા -કીરવાણી, પલના જુલે હે નંદલાલા-

અભોગી, રે મન સુમરો નિત ગિરજાસુર - હંસધ્વનિ, બનભ્રમત શીવજોગી-શીવરંજની.

આમ અહી ફક્ત એક અંશ જ ઉદાહરણ માટે જણાવું છુ. પરંતુ અસંખ્ય બંદિશોમાં પ્રભુના વર્ણન જોવા મળે છે. અહી એક વાત સ્પષ્ટ થાય છે કે આધ્યાત્મ આપણા ભારતીય સંગીતનું આધારભૂત તત્ત્વ છે. મનને શાંત કરવું,પ્રસન્નચિત રહેવું, બુધ્ધિનો ઉચિત ઉપયોગ કરી આત્મા-પરમાત્માનું જ્ઞાન મેળવવું એજ 'અધ્યાત્મ' છે.

આપણા કવિઓએ માનવજીવનનું વર્ણન 'જીવન એક સંગીત છે.' એવા શબ્દો દ્વારા કર્યુ છે. અર્થાત્ કે સંગીતના સ્વરોને બેસૂરા ન થવા દઈએ તેને બેતાલા ન થવા દઈએ જીવનની વાસ્તવિકતા પણ આજ છે. જો પારિવારિક અને સામાજિક વ્યવસ્થામાં સમજણનો અભાવ હશે તો જીવન બેસુરુ બની જશે. તથા કાલાંતરે ભયંકર પરિસ્થિતનો સામનો કરવો પડશે. તેજ રીતે વ્યક્તિગત વર્તનમાં પણ જો તાલમેલ ન હોય તો તેવા વર્તનવાળો વ્યક્તિ 'બે તાલો ' કહેવાશે. તે જ પ્રમાણે સાંગીતિક શબ્દોત્પત્તી જીવન સંગીત પર પૂર્ણરૂપથી આધારીત છે. વાદી-સંવાદી-મેલ-ઠાઠ-પક્કડ-આરોહ-અવરોહ વગેરે માનવ જીવનના વિવિધ પાસા જ છે. જેમ કે વાદી સંવાદીનું મિશ્રણ ન થાય તેમ જ જીવનમાં પણ સત્યાસત્યનું મિશ્રણ સુખદાયક નથી હોતું. જેમ મેલ-ઠાઠની ભૂમિકા સંગીતમાં છે. તેમ સંસ્કૃતિ અને શ્રધ્ધાને જીવનમાં સાચવીને ચાલવું પડે છે. અને આમાં જો શિથિલતા આવી જાયતો પક્કડ છૂટી જાય છે. નીતિમત્તા,શિલતા,ચરીત્રતા, આદર્શ વગેરેનો માર્ગ આરોહ- અવરોહની જેમ જોડાયેલો રહે છે. આરોહ અવરોહની સાથે કરેલી બેઈમાની સંગીતમાં નથી ચાલતી તેજ પ્રમાણે જીવનમાં તેજ પ્રમાણે જીવનમાં નિતીમત્તા અને આદર્શોની સાથે બેઈમાની સારી ન કહેવાય.

આમ સંગીતના સંગીતિક તત્ત્વોનું મહત્ત્વ છે. અને તેના વગર સંગીત અશક્ય છે. તેજ રીતે જીવનની પાબંધીઓ છે. જેના વગર જીવન અધુરૂ છે. જો સંગીતના તત્ત્વોને સારી રીતે સમજીને જીવનમાં તેની વ્યાખ્યાને ઉતારવામાં આવે તો સુંદર થાટની સાથે આરોહ-અવરોહ-પક્કડ-વાદી-સંવાદી દ્વારા એક સુંદર રાગનું નિર્માણ તથા સાથે સુંદર જીવનનું નિર્માણ થશે ક્યાંય ચોરી કરવાની ઈચ્છા નહી થાય.

પ્રકૃતિની પણ હર એક ચિજ નિયમબધ્ધ છે. સૂર્ય-ચંદ્ર,તાપ,વરસાદ,ઋતુઓ-હવા બધુંજ નિયમોમાં રહીને કામ કરે છે. અને જો તેમાં નિયમનું ઉલ્લંઘન થાયતો તુફાન,ભૂકંપ,પુર જેવી ભયાનક પરિસ્થિતિ સર્જાય છે. તેમ ભારતીય સંગીત પણ આજ પ્રમાણે નિયમબધ્ધ છે. અને તેના દ્વારા તલ્લીનતા પેદા થાય છે. સમાધી બંધાઈ જાય છે. તથા ભગવાનના સ્વરૂપના દર્શન થાય છે.

સ્વામી વિવેકાનંદજી કહેતા હતા કે ભગવાનનું સ્મરણ આકાશની સામે જોઈને, પ્રાકૃતિક સૌંદર્ય નીહાળીને, વિશાળ મહાસાગરને જોઈને તેના પરથી પરમાત્માના સ્વરૂપનું અનુમાન લગાવીને કરવું જોઈએ. ત્યારે સમજી શકાય કે પરમાત્મા કેટલો વિશાળ હૃદયનો છે. ચાર દિવાલોના ઘરમાં બેસીને પરમાત્માનો અંદાજો ન લગાવી શકાય. રામકૃષ્ણ પરમહંસ ગાતા હતા, નાચતા હતા અને તે જ અવસ્થામાં વિલીન થઈ જતા હતા. તે સમયે શારીરીક રોગથી બેહોશ નહોતા થતા પરંતુ તલ્લીનતાના દ્વારા સમાધીસુખનો આનંદ લેતા હતા. ચૈતન્ય પ્રભુ પણ તે જ રીતે નાચતા -ગાતા હતા તેમનું પાગલપણું ન હતું. ભગવાનની પાસે પહોચવાનું સર્વશ્રેષ્ઠ માધ્યમ સંગીત જ છે. જેમાં સ્થાઈ ભાવ તથા એકાગ્રતા છે અને આજ એકાગ્રતામાં આધ્યાત્મ છે.

અહી એક બીજુ દૃષ્ટાંત આપુતો ગુરૂ નાનકજીની સાથે હંમેશા એક સંગીતજ્ઞ શિષ્ય મરદાના રહેતો જયારે કોઈ આખ્યાન કે ધર્મ સંબંધી ચર્ચા જાહેર જનતાની સમક્ષ કરવાની હોય ત્યારે મંચ પરથી તેઓ મરદાનાને કહેતાકે 'તારી વિણા વગાડ અને મારા બોલવા માટે વાતાવરણનું નિર્માણ કર ત્યાર પછી જેવું તેમનું આખ્યાન પૂર્ણ થાય કે તરતજ ફરીથી તે શિષ્યને કહેતા કે તું જેટલું સુદર સંગીત વગાડી શકે તે વગાડ જેથી જે લોકો મને અહી સાંભળવા આવ્યા છે. તે મારા વક્તવ્યનું રહસ્ય સમજી લે તથા તે પણ સમજે કે શબ્દ નપુંસક છે. સંગીત આદિ છે.અને સંગીત અંત પણ છે.' ગુરૂનાનક જેવા મહાન સંતે સંગીત ને આધ્યાત્મની સાથે જોડયું હોય અને તેનો અનુભવ કર્યો હોય ત્યારે આપણે સ્વિકારવું જોઈએ કે સંગીત અને આધ્યાત્મને નજીકનો સંબંધ છે.

મારા અધ્યયન તથા વિદ્વાનો સાથેની ચર્ચા પછી હું આટલુંતો અવશ્ય કહીશ કે ...

- સંગીત એક સાધના તથા પૂજા છે.
- સંગીતથી અર્થ,ધર્મ,કામ અને મોક્ષ ચારેની પ્રાપ્તિ થાય છે.
- સંગીતની મધુર સ્વર લહરિઓથી પશુ,પક્ષીથી લઈને પરમાત્મા સુધીના સમસ્ત જડ-ચેતન આંદોલિત થઈ જાય છે.
- સંગીત મનોગત ભાવોને સજીવ બનાવીને સાકાર કરે છે.
- સંગીત મનુષ્યોની પાશવિક પ્રવૃતિઓને દૂર કરી દે છે.
- સંગીતથી આધ્યાત્મિક સુખની પ્રાપ્તિ થાય છે.
- સંગીત સમાજને સુસંસ્કૃત બનાવી તેમાં સંસ્કારોનું સિંચન કરે છે.
- સંગીતથી હૃદયમાં પવિત્રભાવ પેદા થાય છે.
- સંગીત ભૌતિક અને આધ્યત્મિક દૃષ્ટ્રિથી માનવને માટે એક સાધનાનો વિષય છે.
- જયાં કવિતાનો અંત થાય છે ત્યાં સંગીતનો આરંભ થાય છે.
- સંગીત સંકટ મોચન છે, સંગીત સમાધિ છે.
- સંગીત ભાવનાની ભાષા છે તથા જીવનનો ઉદ્ગાર છે.
- સંગીત યોગ વિદ્યા છે, નાદ યોગ છે. જેની તીવ્ર તથા તીવ્રતર ધ્વનિઓ માનવના સુક્ષ્મ સ્નાયુઓને ઝંકૃત કરી સુષુપ્ત કુંડલીને જાગ્રત કરે છે.
- સંગીત ભારતીય જીવન-દર્શનનું અંતિમ લક્ષ્ય છે.
- સંગીત એક નૈતિક વિધાન છે. આ વિશ્વને પ્રાણ,મનને પાંખ,કલ્પનાને ઉડાન,દુઃખ ને સુખાકર્ષણ આપે છે.
- સંગીત આત્માનું દર્પણ છે.

- સંગીતથી રોગી સ્વસ્થ થઈ જાય છે.
- એટલું જ નહિ સંગીતથી દાનવ પણ માનવ બની શકે છે.

સંગીતના ગુણોના વર્ણનની આ ફક્ત એક નાની યાદી છે. સંગીત માનવ જીવનને સુસંકૃત બનાવી ઈશ્વર પ્રાપ્તિ તરફ લઈ જવા માટેનો સરળ અને ઉત્તમ માર્ગ છે. આ વિધાનને વેદોથી માંડીને આજના આધુનિક વિદ્વાનો તથા ગ્રંથોએ સ્વિકાર્યુ છે. તેથી અહી એટલું કહું છુ કે..

**સ્વર એજ ઈશ્વર છે અને ઈશ્વર એજ સ્વર છે.**

માટે ''સ્વર થી ઈશ્વર '' આ વાક્ય પ્રયોગ મારા અર્થમાં ઉચીત અને સત્ય છે. અને એટલા જ તો ગાયનમાં રાગ માલકૌસમાં એક ચીજ માં વિદ્વાને કહયું છે કે...

'સ્વર હી ઈશ્વર ગાવે ગુનીજન ,સ્વર કો સબ સાધે ગુનીજન.'

<u>પાદટીપ</u>

**૧.શબ્દબ્રહ્મ- નાદબ્રહ્મ પંડિત રામશર્મા આચાર્ય પૃ.૫.૨**